

# અર્હદ્ પ્રેરણા પત્ર


❖ વર્ષ : 28 ❖ અંક : 8 ❖ S.No. : 437

❖ તા.16-11-2021 ❖ નવેમ્બર

છૂટક નકલ : રૂા. 6/-

## એલર્ટ ગ્રુપ ઓફ ઈન્ડિયાન સરસેનાધિપતિ

# સુશ્રાવક પ્રકાશભાઇ નડિયાદની આકસ્મિક ચીર વિદાય


































**સૌજન્ય :**

तं देवदेव महिअं सिरसा वंदे महावीरम्

અર્હદ્ પ્રેરણા પત્ર

વર્ષ : 28 ❖ અંક : 8
S.No. : 437 ❖ વિ.સં.2077
તા.16-11-2021 ❖ નવેમ્બર

: માલિક :
**અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ**
૧૭, ઈલોરા પાર્ક, જૈન દહેરાસરની સામે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩.
ફોન : 079-2768 1317

૨૪૩, પંચરત્ન બીલ્ડીંગ, ૨જે માળ,
એમ.પી.માર્ગ, ઑપેરા હાઉસ, મુંબઈ - ૪.
ફોન : 022-23631564, 23808621
(M) 93225 14188 (Time : 12 to 5)
manasmandirtrust@gmail.com
www.shreejainalertgroup.org

તંત્રી–મુદ્રક–પ્રકાશક
**કલ્પેશભાઈ વિ. શાહ**
અમદાવાદ

ટાઈપ સેટીંગ
**સમ્યક્ ડીઝાઈન એન્ડ પ્રિન્ટ**
**અમદાવાદ**

મુદ્રક
સર્વોદય ઓફસેટ
અમદાવાદ
મો. : 98245 15514


આજીવન લવાજમ : રૂા. ૫૦૦/–
છૂટક નકલ : રૂા. ૬/–

॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર-હેમરત્નસૂરીશ્વરેભ્યો નમઃ ॥

**યુવાનોના ઉત્કર્ષ કાજે યુવાનો વડે ચાલતું મેગેઝીન**

**દિવ્યકૃપા : યુવાહૃદયસમ્રાટ્ સ્વ.પૂજ્ય આચાર્ય શ્રી હેમરત્નસૂરીશ્વરજી મહારાજા**

**લેખક : પ.પૂ.પં.શ્રી હૃદયરત્ન વિ.મ.**





## પ્રાર્થના

**હે** વિશ્વેશ્વર ! હે કીરતાર ! આખી દુનિયામાં ફર્યો, અનેક મંદિરોમાં ગયો પરંતુ તારા જેવા તારક મને કોઈ લાગ્યા નથી. માટે તો અંતે તારા શરણે આવ્યો છું.

કેવી તારી મહાનતા ! ઇંદ્રો પણ તારી સ્તુતિ કરે, તારા આગળ બળદનું સ્વરૂપ કરી નૃત્ય કરે ! અનેક દેવાંગનાઓ પ્રભુ ! તારા ઓવારણા લે ! તું વિચરે ત્યારે દેવાત્માઓ ધરતી ઉપર આવી તારા પાદ ચિહ્નો ભૂમિ પર ન પડે માટે સુવર્ણ કમળો તારા ચરણ નીચે ગોઠવી દે ! વાહ શું તારું ઐશ્વર્ય છે ! શું તારી શોભા છે ! અરે વનમાં વૃક્ષો પણ માર્ગમાં તને લળી લળીને પ્રણામ કરે.

હે કૃપાળુ ! તારી જ કૃપાથી હું તને આટલો તો સમજતો થયો છું. આટલી પણ યોગ્યતા તારી સેવાના પ્રભાવે આવી છે.

હે જગત્ત્રાતા ! જગતમાં આપ એક જ જ્ઞાતા છો. જીવ માત્રાના ત્રાતા છો. તારાથી અધિક આ જગતમાં કોઈ દયાળુ દેખ્યો નથી અને વહાલા મારાથી કોઈ આ જગતમાં દયાપાત્ર નથી. માટે હવે મારા ઉપર દયા કરવી તે તારું કર્તવ્ય બને છે.


હે દયાળુ ! તેં અનેકને તાર્યા છે. હે નિષ્કારણ બંધુ ! તે જ રીતે મને તારવામાં હવે વાર કરીશ નહિ ! અનાદિના ભ્રમણમાંથી છોડાવવાનો જશ પ્રભુ ! તને જ મળો ! એ પાવન ઘડી સુધી તારા ચરણોની સેવા કરતો રહીશ.

## સંવેદના

**મ**હેનતથી વધારે મહેનતાણું લેવું તે લેનારની નૈતિક્તા નથી. લે તો અન્યાય થાય છે. વધારાના આવેલા પૈસા હરામના કહેવાય છે અને નીતિશાસ્ત્રો લખે છે કે હરામનું ક્યારેય પચતું નથી. ૧૨ વર્ષે બારઘણું થઈ ફૂટ નીકળે છે. અન્યાયનું ધન પથ્થર સમાન ગણ્યું છે.

એક ફ્રેંચ રાઈટર લાહોગને પોતાની નવલકથાની એક કૃતિ બદલ ચાર લાખનું ઈનામ જાહેર થયું. તેણે આટલા બધા પૈસા લેવાની ઘસીને ના પાડી. તેણે વિચાર્યું કે મારા મા–બાપ આખી જિંદગી મહેનત કર્યા છતાં આટલા ભેગા કરી શક્યા નથી. તો મારી આમાં તો કઈ મહેનત છે ? આ સત્ય ઘટના છે.

ઓસ્ટ્રેલિયામાં એક ધનપતિએ ડ્રાયવર રાખ્યો. કામ હોય ત્યારે ગાડી લઈને જવાનું. ત્રણ–ચાર દિવસ કોઈ કામ ન આવતાં ડ્રાઈવરે ખુલાસો કર્યો કે, જો તમારે કામ ન હોય તો મને છૂટો કરો. મારે કામ વિનાના પૈસા ન ખપે. ડ્રાઈવર પગાર લીધા વિના જ છૂટો થયો. આ નૈતિક્તા જ તમારા સૌભાગ્યને ખીલવે છે. રાતોરાત ધનવાન બની જવાના ધખારા છોડો, લખી રાખો, લોટરી, મટકા, શરતો, ગેઈમો, જુગાર, રેસ વગેરે તથા કોઈના નિસાસાથી આવેલા પૈસા હરામના છે. સરકારી નોકરીમાં કામ કેટલું અને કટકી કેટલી ? આવા માણસો પોતાની અંગત લાઈફમાં ક્યારેય સુખી થતા નથી. બધું જ વેલસેટ હોવા છતાં પોતે હંમેશાં અપસેટ હોય છે.



**હેમસૂત્ર** **સમસ્યા માટે સમાધાન કરતા રહેવું તે સુખ અને શાંતિનો માર્ગ છે. માણસ સંઘર્ષ ઊભા કરી જાતે જ દુઃખ અને અશાંતિ ઊભી કરે છે.**

## 27- યતિતવ્યં યોગસિદ્ધૌ (18)

# યોગ સિદ્ધિ માટે પ્રયત્ન કરવો જોઈએ.

યોગસિદ્ધિના સોપાન ચડવા આપણું અંતર કેવું હોવું જોઈએ ? તે માટે શું ભાવનાઓ કરવી તેની વાત ચાલે છે. જો તમને યોગમાર્ગ ગમી ગયો છે. જો તમે ખરેખર યોગી એટલે કે સાચા સજ્જન-મહામાનવ બનવા માંગો છો તો આ બધાની ગરજ રાખો. જો તમને આ શિક્ષણની કે આવા પ્રવચનો કે શિખામણોની જરૂર નથી. તો સમજવું તમને યોગમાર્ગની કોઈ ગરજ નથી. આવું છે તે તમારું ખરેખર દુર્ભાગ્ય છે. જિનશાસન સિવાય આવા પદાર્થો આવું જીવનું ઘડતર અન્ય ક્યાંય નહીં થઈ શકે માટે શાસ્ત્રકાર ભગવંતની વાતોને ગંભીરતાથી લઈ તેના માટે સમય-શક્તિ જે ચૂકવવી પડે તે ચૂકવવા તૈયાર થાઓ.

યોગશુદ્ધિ માટે પોતાના સ્વભાવનું આલોચન કરવું જોઈએ એટલે કે, જીવનમાં જે દોષો છે તેને કાઢી ગુણો લાવવાનો પ્રયત્ન કરવો. જેવા કે ક્રોધ વગેરે કષાયો ન જ આવે તેની સાવધાની રાખવી. બીજાના ગુણો જોઈ રાજી થવું. તેવા ગુણો જીવનમાં લાવવા પ્રયત્ન કરવો, કોઈની નિંદા કરવાનું બંધ કરવું. નિંદક સ્વભાવનો જ ત્યાગ કરવો. હીન જીવો પ્રત્યે ખૂબ કરૂણાવાળા બનવું. બીજાના દુઃખો જોઈ આંખો વરસી પડે તેવું હૃદય કોમળ બનાવવું. પરોપકાર કરવામાં પાછા ન પડવું. પોતા માટે ઘણું કર્યું તેનાથી માત્ર સ્વાર્થભાવ જ ભેગો થયો છે. હવે કંઈક બીજા માટે પણ કરી છૂટવું તથા વડીલોને માન આપવું, તે માટે આપણા ઈગોને કે ખોટા ભાવને જતો કરવો, જ્ઞાની, ધર્મી ઉદાર વગેરે ઉત્તમ આત્માઓનું બહુમાન જાળવવું. તેઓનો સંગ કરવો. ખોટા લોકોના સંગમાંથી મુક્ત થવું. આનાથી આપણા ગુણો પણ દીપી ઉઠશે. યોગપણું આવશે.



આપણા સ્વજનો, મિત્રવર્તુલ કે અન્ય લોકોમાં તમારી લોકવાયકા સારી, સજ્જન તરીકેની બનાવવી, સહુ તમને ઉત્તમવ્યક્તિ તરીકે જુએ એવું વર્તન લાવવું. શરીરની શુદ્ધિ વગેરે બાહ્ય શુદ્ધિ જેટલી જરૂરી છે તેટલી જ આંતર શુદ્ધિ જરૂરી છે. તે સિવાય યોગમાર્ગમાં આગળ વધી શકાતું નથી. ગુણો હોવા તે યોગીના અલંકારો છે. દોષો તે તેનું કલંક છે. તેને જલદી કાઢવાનો પ્રયત્ન કરવો જોઈએ. કહેવાય છે કે જ્યારે મનશુદ્ધિ થાય છે ત્યારે સમુદ્ર તરવાના, નદી તરવાના કે સરોવર તરી જવાના તેવા સુંદર સ્વપ્નો આવે છે. સુંદર સ્વપ્નો તે મનશુદ્ધિનું પરિણામ હોઈ શકે છે.

તમે જે ભૂમિકામાં છો ત્યાંથી આગળ વધો. જેમ સ્કુલમાં છોકરાને પહેલા ધોરણમાં દાખલ કરતાં તેના બુદ્ધિ આદિ વિકાસને ધ્યાનમાં લઈ અભ્યાસ કરાવાય છે. તે ભણ્યા પછી પરીક્ષા લઈ આગળના બીજા ધોરણમાં મૂકવામાં આવે છે. હવે તેને પહેલા ધોરણનો અભ્યાસક્રમ ભણવાનો રહેતો નથી, કેમ કે તે અભ્યાસ હવે તેને સિદ્ધ જ છે. આમ આગળ આગળના ધોરણો પાસ કરાવાય છે.

યોગમાર્ગમાં પણ આ પદ્ધતિ છે. ચરમાવર્તમાં આવ્યા પછી પ્રારંભિક ધર્મની શરૂઆત થાય. અપુનર્બંધક સ્થિતિમાં આવે ત્યારે તે જીવ યોગનો અધિકારી બને છે. એટલે કે તેને યોગનો અભ્યાસ કરાવાય છે. અપુનર્બંધક જીવનું લક્ષણ અગાઉ આપ્યું હતું. તે મુજબ 'પાપ નવિ તીવ્ર ભાવે કરે, જેહને નવિ ભવ રાગ રે, ઉચિત સ્થિતિ સેવે સદા' આ ત્રણ ગુણો પ્રાપ્ત થાય ત્યારબાદ વધુ આત્મવિકાસ માટે ધાર્મિક ક્રિયાઓ આપવામાં આવે છે. અહીં તે સમજી શકે તેવી ક્રિયાઓ વગેરે આપી યોગમાર્ગે આગળ વધારાય છે. શાસ્ત્રીય ભાષામાં તેને ગુણઠાણું કહેવાય છે. ભવાભિનંદી જીવ એટલે કે ગાઢ મિથ્યાત્વી જીવ વહેવારમાં ગમે તેટલો હોંશિયાર હોય છતાં અધ્યાત્મ ક્ષેત્રમાં હંમેશાં આત્મવિકાસ જોવાય છે, બુદ્ધિનો વિકાસ નહિ. આત્મા ઉપરથી કર્મમલ કેટલો ઓછો થયો ? જેમ જેમ કર્મનો કચરો આત્મા ઉપરથી ઓછો થતો જાય છે તેમ તેમ તેના જીવનમાં અમુક લક્ષણો દેખાવા લાગે છે. આત્મા ગુણવાન બનતો જાય છે. જેમ કે જો તેને જીવો ઉપર અત્યંત દયાનો પરિણામ દેખાતો હોય વળી ગુણીજનો પ્રત્યે તેને દ્વેષનો પરિણામ ન હોય અને જીવનમાં સામાન્ય રીતે ઔચિત્યનું પાલન કરતો હોય તો આવો જીવ સામાન્યથી ચરમાવર્તમાં આવેલો એટલે કે ચરમાવર્તી જીવ કહેવાય છે. આવા આત્માઓમાં અચરમાવર્તી જીવો કરતાં સહજમલ ઓછો થયેલો હોય છે. તેથી હવે થોડું જ્ઞાન, મોહની તીવ્રતાનો અભાવ અને અત્યંત ગાઢ મિથ્યાત્વ ઓછું થતાં વળી મોક્ષ પ્રત્યેનો દ્વેષ નાશ થતાં. તે હવે મોહનીય કર્મો તીવ્ર માત્રામાં બાંધતો નથી. આ એનો આત્મવિકાસ છે.

જેમ અગ્નિમાં તીવ્રતા મંદતા હોય છે તેમ મિથ્યાત્વમાં પણ તીવ્રતા-મંદતા જીવમાં હોય છે.

સૂરિપુરંદરશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ

યોગમાર્ગના વિકાસ ક્રમમાં 'યોગસિદ્ધિ' કરવાનું કર્તવ્ય બતાવ્યું છે. અહીં યોગશુદ્ધિની વાત કર્યા પછી જીવના વિકાસ ક્રમની વાત ચાલી રહી છે.

''યોગનો અધિકારી જીવ'' એટલે હવે આ જીવમાં એવી યોગ્યતા આવી છે કે હવે તે જે ધાર્મિક પ્રવૃત્તિ કરશે તે પ્રવૃત્તિ તેને મોક્ષ સુધી લઈ જવા સક્ષમ બની શકે. તે પૂર્વે એટલે કે અપુનર્બંધક સ્થિતિ પ્રાપ્ત થાય તે પૂર્વે આવી યોગ્યતા ન હોવાથી તે ગમે તેટલી ધાર્મિક ક્રિયાઓ કરે છતાં તે ક્રિયાઓ મોક્ષ પ્રાપ્તિનું કારણ બનતી નથી. હા તે ધાર્મિક ક્રિયાઓથી જીવમાં યોગનો અધિકાર મળે તેવી યોગ્યતા આવે ત્યારબાદ તેની તે જ ક્રિયાઓ યોગ બને છે. આવી યોગ્યતા જીવની ધર્મ પ્રત્યેની રૂચિ, શ્રદ્ધા, આદર, પુરુષાર્થ વગેરેથી આવે છે. અભવિ જીવો આવો આત્મવિકાસ ક્યારેય કરી શક્તા નથી. તેઓ ચરમાવર્તમાં પણ આવી શક્તા નથી. કેમ? તો તે જીવોમાં આવી યોગ્યતા જ હોતી નથી. જેમ કોરડું મગ ગમે તેટલું સિઝાવો તો પણ સીઝતા નથી. બાકીના મગ સીઝી જાય છે. આ બધુ જીવની તે પ્રકારની ક્વોલિટી ઉપર આધારિત છે. તે ક્વોલિટી કોઈ બનાવતું નથી પરંતુ સ્વભાવથી જ તે હોય છે.

અપુનર્બંધક જીવ એટલે હવે તે મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ જે ૭૦ કોટાકોટિ સાગરોપમની છે તે ક્યારેય બાંધતો નથી. તેવી યોગ્યતા વાળો થાય છે. તે પૂર્વે આ જીવ બે વાર જ મોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી શકે તેની યોગ્યતાવાળો હતો. તે પછી એક જ વાર બાંધી શકે તેવો થયો. આવી સ્થિતિને શાસ્ત્રમાં દ્વિર્બંધક અને સકૃતબંધક જીવ કહેલો છે. આ બન્ને પ્રકારના જીવો તે પણ ઉપચારથી યોગના અધિકારી કહેવામાં આવ્યા છે. કારણ તે આત્મવિકાસ સન્મુખ છે. તે આગળ વધી અપુનર્બંધક સ્થિતિવાળો થાય એટલે યોગાભ્યાસ કરવાને લાયક બને છે. તે સિવાયના જીવોને યોગાભ્યાસ પણ પારમાર્થિક ફળ આપતો નથી.

જેમ બાળક લગ્નને લાયક હોતું નથી. પરંતુ મોટું થતાં (મેચ્યોર્ડ થતાં) તેનામાં પિતા બનવાની યોગ્યતા આવવાથી લગ્ન કરવાને યોગ્ય બને છે. તે જ રીતે કન્યા જ્યારે ઋતુવંતી બને ત્યારબાદ માતા બનવા યોગ્ય બને છે. ત્યારબાદ તેના લગ્ન કરાય છે. જેમ સંસારમાં ૧લા ધોરણથી લઈ ૧૨મા ધોરણ અને આગળની ડીગ્રી વગેરે શિક્ષણની યોગ્યતાઓ છે. તે રીતે યોગ સિદ્ધિ માટે પણ જીવની આવી યોગ્યતાઓ શાસ્ત્રમાં કહી છે. તે અપુનર્બંધક જીવથી લઈ ઉત્તરોત્તર વધતી (૨) અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જીવ (૩) દેશવિરતિ ચારિત્રી (૪) સર્વવિરતિ ચારિત્રધર જીવ સુધી યોગના અધિકારી જીવો કહ્યા છે. જે યોગસિદ્ધિ સુધી જાય છે.

આ બધી સૂક્ષ્મ વાતો છે. પરંતુ મગજમાં ઉતારવા જેવી છે. યોગમાર્ગ સહેલો નથી. છતાં તેના યોગ્ય જીવો માટે આચરણીય બને છે. હજુ એક સૂક્ષ્મ વાત કહું.

આત્મા પોતાના આત્મવિકાસની અપેક્ષાએ કઈ ભૂમિકામાં છે ? (કયા ધોરણમાં છે ?) તે રીતે તેના યોગોની સિદ્ધિ કરવાની છે. જે ધર્મક્રિયાઓ હાલ કરી રહ્યો છે. તે ધર્મ ક્રિયાઓને હાઈટ ઉપર લઈ જવાનો પ્રયત્ન કરવાનો છે. નવકારમંત્ર એવા ગણવા કે મંત્રની સિદ્ધિ થાય ! તેનો પ્રભાવ જીવનમાં વર્તાય ! આવી ધર્મની દરેક ક્રિયાઓને તેની ઉત્કૃષ્ટતા તરફ લઈ જવાનો પ્રયત્ન કરવાનો છે. તપનો યોગ છે તો તે તપ એવો કરવો કે આહાર સંજ્ઞા મરવા પડે ! ખાવાની લાગણી તૂટીને ભુક્કો થઈ જાય. પારણા પછી પણ ખાવાની લાગણી રહે નહિ. આવી તપની સિદ્ધિ થાય. ત્યારે આત્મામાં લબ્ધિઓ ઉત્પન્ન થાય છે. તેવા તપસ્વીના મળ-મૂત્રના પણ ઔષધ સમાન બની જાય છે.

બલદેવ મુનિએ કાયોત્સર્ગ એવો સાધ્યો કે જ્યારે જંગલમાં તેઓ કાયોત્સર્ગ ધ્યાને ઊભા રહેતા ત્યારે તેમની ઓરામાં (અમુક નજીકના એરીયામાં) રહેલા સર્પો, પ્રાણીઓ પણ મૌન બની સ્થિર ઊભા રહી જતા. વૃક્ષો ઉપર સર્પો લટકી રહેતા. આ યોગની ઉત્કૃષ્ટતા છે.

શાસ્ત્રમાં જીવની ભૂમિકા પ્રમાણે ઉપદેશ કરવાની વાત આવે છે. જીવ કઈ ભૂમિકામાં છે. અર્થાત્ મિથ્યાત્વી છે. અપુનર્બંધક છે, સમકિતી છે, દેશવિરતિધર છે કે સર્વવિરતિધર છે તે જોયા પછી જ તેને યોગ્ય ઉપદેશ આપવાની પ્રભુની આજ્ઞા છે. આવો ક્રમ જો જાળવવામાં ન આવે તો ઉપદેશથી લાભ થવાના બદલે નુક્શાન થવાનો સંભવ છે. એટલે ઉપદેશકે પણ પોતાની માર્ગાનુસારી બુદ્ધિ વડે જીવોને ઓળખવાની એટલે તેની ભૂમિકા નક્કી કરવાની શક્તિ હોવી જોઈએ. જો તે નક્કી કરવામાં થાય ખાય તો બન્નેને નુક્શાન થવા સંભવ છે. ઉપદેશકની આ જવાબદારી નાનીસુની નથી.

પૂ.આચાર્ય સિદ્ધસેન દિવાકર સૂરિ જે પ્રભુ મહાવીરની ૧૨મી પાટપરંપરાના કાળમાં થયેલા છે. તે જ્યારે પંડિત હતા ત્યારનો એક પ્રસંગ છે. તેઓ ખૂબ જ ભણેલા વિદ્વાન હતા. અનેક પંડિતો સાથે વાદ કરી તેઓને હરાવ્યા હતા. એકવાર કોઈ ગામડાના રસ્તે વિહાર કરતા પૂ.આ.વૃદ્ધવાદિદેવસૂરિ મળ્યા. સિદ્ધસેને કહ્યું ચાલો આપણે વાદ કરીએ અને શાસ્ત્રાર્થ કરીએ. પૂ.વાદિદેવસૂરિજીએ કહ્યું. 'ભાઈ વાદ તો કરીએ પણ અહિ કોણ સાંભળનાર છે. નગરમાં ચાલ રાજાની હાજરીમાં સભા વચ્ચે વાદ કરીએ તો નિર્ણય પણ થઈ શકે ! કે કોણ હાર્યું અને કોણ જીત્યું ?

ક્રમશઃ

# એ ગુરુદેવ !



લિ. ભરત વર્ધા

'પ્રિય અક્ષય !' પૂજ્યપાદ ગુરુદેવ શ્રી **હેમરત્નસૂરીશ્વરજી** મહારાજા મુનિપણાના શરૂઆતના વર્ષોમાં જ્યારે કલમ હાથમાં લીધી ત્યારે **'પ્રિય અક્ષય'**ને ઉદ્દેશી પત્ર લખતા. તે દ્વારા યુવા વાચકોને હિતોપદેશ આપતા.

પછી તો એ પોતાના ગુરુદેવશ્રી **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાની કલ્પનામાં રમતું ''શાસનમંદિર'' ધરતી ઉપર ઉતારવા પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી આચાર્યદેવ **જયઘોષ-સૂરીશ્વરજી** મહારાજાના આદેશથી પોતાના તન અને સુઝ-બુઝને કામે લગાડી તીર્થ નિર્માણ, મૂર્તિ નિર્માણ, વાસ્તુશાસ્ત્ર, શાસનના મહત્ત્વના અંગો, આર્ટ, ડીઝાઈન, શિલ્પશાસ્ત્ર આદિ અનેક વિષયોનો ઊંડાણથી અભ્યાસ કર્યો.

આમ તો યુવા પ્રવચનો અને લેખન, અધ્યયન, તેમના મુખ્ય વિષયો હતા. તેઓ માટે આ બધા કાર્યો નવા વિષયો હતા. છતાં પૂજ્યોના આદેશ સાથે આશિષ મેળવી તેમાં ચમત્કારિક સિદ્ધિઓ મેળવતા ગયા.

શત્રુંજય તીર્થધામ ભુવનભાનુ માનસમંદિરમ્ પાછળ પૂજ્યશ્રીએ ઘણો શ્રમ અને સમય આપ્યો. તે સમય દરમ્યાન ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી **ભરતભાઈ વર્ધા** (ઘાટકોપર) ખૂબ નજીકના પરિચયમાં હતા. પૂજ્ય ગુરુદેવને ખૂબ ચાહતા હતા અને મૂર્તિનિર્માણ, તીર્થ નિર્માણના કાર્યોમાં તેઓ ખૂબ સહભાગી બન્યા.

અહીં તેમના દ્વારા પૂજ્યપાદ ગુરુદેવના સાન્નિધ્યમાં જે પ્રસંગો બન્યા, જે હિતશિક્ષાઓ મળી વિગેરે તેઓએ યાદ કરી મોકલાવી છે. તેમાંથી વાચકોને ગુરુતત્ત્વ ઉપર શ્રદ્ધા થાય. શાસન પ્રભાવનામાં કોઈક ગુરુઓના સહાયક થવાનું મન થાય તે હેતુથી થોડોક ભાષાકીય ફેરફાર કરી પ્રસંગો આપ્યા છે. વાચકોને ગમશે તેવી ખાતરી છે.

ગુરુદેવશ્રી હેમરત્નસૂરીશ્વરજી મહારાજા કહેતા -

જીવનમાં શ્રદ્ધા અને સમર્પણનું ખૂબ મહત્ત્વ છે.

પ્રયત્નશીલતા, વિશ્વાસ અને કર્તવ્યનિષ્ઠા. જીવનમાં યશસ્વી થવાની ચાવીઓ છે. લગભગ ત્રીસ વર્ષના પૂજ્ય ગુરુદેવના પરિચય અને સાન્નિધ્ય દરમ્યાન તેઓશ્રીએ મને અનેકાનેક પ્રસંગો દ્વારા અનોખી અને અદ્ભુત સમજણ આપી છે. સામાન્ય રીતે માણસને ઉપકારીના ઉપકારની કિંમત ત્યારે નથી સમજાતી પરંતુ સમય વીત્યે જ્યારે સમજાય છે, અનુભવમાં અવતરે છે ત્યારે ઉપકારી પ્રત્યે અત્યંત સન્માન જન્મે છે. પરંતુ ત્યારે કદાચ ઘણું મોડું થઈ ગયું હોય છે. કેમકે ક્યારેક ઉપકારીની ઉપસ્થિતિ નથી હોતી !

પૂજ્ય ગુરુદેવ સાથે થયેલી ઘટનાઓની અનુભૂતિનું કેટલુંક વર્ણન અહીં મારા શબ્દોમાં કર્યું છે.

સન ૨૦૦૦ની વાત, માનસમંદિરમ્નું નિર્માણ કાર્ય શરૂ થયેલું. મુખ્ય જિનાલય આકાર લઈ રહ્યું હતું. લગભગ પૂર્ણતાના આરે હતું. એકવાર ગુરુદેવે મારી આંખમાં આંખ મિલાવી કહ્યું, ભરત ! જો ને આ ઘર તો બની ગયું ! પણ ઘરધણી ક્યાં ? એની હાજરી નથી !

આદીશ્વર દાદાનો વિશાળ દરબાર શણગાર પામી રહ્યો હતો. પરંતુ મૂળનાયક આદિનાથદાદા અવતરિત થવાના બાકી હતા. તે વખતે ગુરુદેવની કલ્પનામાં સફેદ માર્બલની દાદાની સુંદર પ્રતિમા રમતી હતી. તેઓની ઈચ્છા હતી કે, શ્વેત સંગેમરમરના દુધીયા પાષાણમાંથી આહ્લાદક, શાસ્ત્રોક્ત નાક-નક્શીકામવાળી મનોહર દર્શનીય પ્રતિમા નિર્માણ થાય !

લોકો દર્શન કરતાં જ ભાવવિભોર બની જાય. લોકોના નયન ત્યાંથી ખસવાનું નામન લે. બસ ! નિરખ્યા કરે... નિરખ્યા કરે... મન ભરી ભરી નિરખ્યા કરે...

પરંતુ આવી પ્રતિમા બનાવવા માટે ૮ x ૮ x ૮ ફુટના પાષાણની કિંમત ઘણી મોંઘી પડે તેવી હતી. વળી ભરેલા નારીયેળની જેમ મૂર્તિ ઘડતાં  અંદરથી જ કોઈ કાળી છાંટ, કાળી રેખા કે કાળા ડાઘ નહીં જ નીકળે તેવી બાંહ્યધરી આપવા કોણ તૈયાર થાય ? આવા વિચારોમાં ગુરુદેવનું મન સતત મુંઝાયા કરતું હતું. શું કરવું તેનો નિર્ણય થઈ શક્તો ન હતો.

મુંઝવણનો ક્યાંકથી ઉકેલ મળી જાય એટલે ગુરુદેવ જે મળવા આવે, જાણકાર હોય, નિષ્ણાંત હોય, સોમપુરા હોય કે કોઈ કારીગર હોય, તમામની સાથે ગુરુદેવ કલાકો સુધી ચર્ચાઓ કરતા. પોતાની મુંઝવણ રજૂ કરતા.

ત્યારે ગુરુદેવનું ચાતુર્માસ મુલુંડ ઝવેર રોડ હતું. રોજ સાંજ કે સવાર આજ વિષયની ગડમથલ ચાલતી હતી. જાણકારોની આગળ વિવિધ વિચારો રજૂ થતા પણ હજુ નિર્ણય ન થઈ શક્યો.

એકવાર સાંજે કોઈ નિષ્ણાંત સાથે પથ્થરોની જાત વિગેરે વિષે ઊંડી ચર્ચા ચાલતી હતી. તેવામાં સાહેબના જ ભક્ત સુશ્રાવક **ચંદ્રકુમાર ફત્તેપુરીયા** ઈન્દોરથી ત્યાં વંદન કરવા આવ્યા. પ્રતિમાની વાત ચાલી રહી હતી. ત્યાં વચ્ચે ચંદ્રકુમારે ગુરુદેવને કંઈક જણાવવા ઈશારો કર્યો. ગુરુદેવે કહ્યું, તું પ્રતિમા વિશે કંઈ જાણે છે ?

હા ગુરુદેવ ! હમણાં હ્રીંકારગીરી તીર્થમાં ૬૫''ની ધાતુની પ્રતિમા પ્રતિષ્ઠિત થઈ છે ! હેં ! ધાતુની ? સાહેબને વાતમાં રસ પડ્યો.

ક્રમશઃ

મન્નહ જિણાણં સજ્ઝાય પર આધારિત...

# આતમ ઝંખે છૂટકારો...1

## દાનં-શીલં-તવો ય ભાવો ય

મન્નહ જિણાણંની સજ્ઝાયમાં શાસ્ત્રકાર ભગવંતો રોજ દાન કરવાની પ્રેરણા કરે છે. દાનધર્મ પ્રાયઃ સર્વધર્મોને માન્ય છે. પરંતુ શ્રાવક જીવનમાં જૈનદર્શનમાં બતાવેલા દાનના પ્રકારો તથા તેનું સ્વરૂપ વધારે સૂક્ષ્મ તથા વિશેષ છે. દાનમાં પણ વિવેક ન હોય તો દાન દોષરૂપ થાય છે. દાન પણ જ્ઞાન પૂર્વકનું અપેક્ષિત છે. દાનના વિષયમાં કહ્યું,

**वसुधाभरणं पुरुषः पुरुषाभरणं प्रधानतर लक्ष्मीः**

**लक्ष्म्याभरणं दानं, दानाभरणं सुपात्रं च ।**

(શ્રીરત્નમંદિરગણિ)

પૃથ્વીનું ઘરેણું તે પુરુષ છે. જ્યારે લક્ષ્મી તે પુરુષનું શ્રેષ્ઠ આભરણ છે. વળી લક્ષ્મીનું આભરણ તે દાન છે. દાનથી લક્ષ્મીની શોભા છે અને દાન શેનાથી શોભે ? તો સુપાત્રમાં વિનિયોગ કરવાથી - સુપાત્રને આપવાથી દાનની શોભા છે.



કહે છે, હે ધનપતિ ! તારી સંપત્તિને ધિક્કાર છે, જો તારા ઘરે આવેલો ભૂખ્યોજન પૂછે છે કે મને ખાવાનું ક્યાં મળશે ?

મોટા મોટા મોજાં ઉછાળી ગર્જના કરતા હે સાગર ! તને ધિક્કાર છે, જો તારી પાસે આવેલો કોઈ તૃષાતુર તને કૂવાનું સરનામું પૂછે છે ! સંપત્તિ છતાં જેની દાન આપવાની વૃત્તિ જ નથી તે લોકો આ પૃથ્વી ઉપર ભારરૂપ છે. તેઓ જન્મ્યા જ ન હોત તો સારું.

**અનુકંપા**

દાનની વાત કર્યા પછી દાનના પ્રકારોમાં દાન બત્રીશી મુજબ પ્રથમ અનુકંપાદાનની વાત કરીએ. **'दीन-अनाथ-अंध-बधिर दुःखस्थ, एडमुख प्रमुखेषु यद् अनुकंपया-कृपया दानं'** ગરીબ-દીનદુખિયા, અનાથ, અંધ, બહેરા, દુઃખી, મુંગા વગેરે અસમર્થ જીવોને જે અનુકંપાથી કૃપા કરીને દાન અપાય તે અનુકંપા દાન છે.

**अनुकंपा समन्वितं दानं ऐन्द्रशमीप्रदं,**

**भक्त्यातु सुपात्र दानं मोक्षदं देशितं जिनैः ।**

અનુકંપાથી અપાયેલું દાન સાક્ષાત્ ઈન્દ્ર જેવા સુખોને આપનાર છે. સ્વર્ગના સુખોનું કારણ છે અને પરંપરાએ મોક્ષનું કારણ છે. જ્યારે સુપાત્રદાન ભક્તિપૂર્વક અપાય છે તે સાક્ષાત્ મોક્ષનું કારણ છે.

અહીં દાનના બે પ્રકાર બતાવ્યા. અનુકંપાદાન કોને કરાય અને ભક્તિપૂર્વક દાન કોને કરાય તેના ભેદ પાડ્યા છે. આ લોકોત્તર શાસન છે. ક્યાંય ભેળસેળ ન કરાય. ભેળસેળ કરો તો રીઝલ્ટ ન મળે ઉલટું નુકશાન થવા સંભવ છે. લોકોત્તર શાસનના કેટલાક કાયદાઓ, નિયમો, મર્યાદાઓ અને વિવેક ઘણાના મગજમાં બેસતા હોતા નથી. એટલે બધા દાનને દાન જ માને, બધા ભગવાન સરખા માને, બધા ધર્મો સરખા માને અને બધાય ગુરુઓ સરખા માને ! મુગ્ધ જીવો સારાસારનો વિવેક કરી શક્તા નથી. એટલે તેમની ભૂમિકા નીચી હોવાથી તેમને ફળમાં પણ ભેદ પડે છે.

પ્રવૃત્તિ એક સરખી હોવા છતાં વૃત્તિ, વિવેક, માન્યતા, આશય વગેરેમાં જે ભેદ હોય છે. પરિણામની જે કચાશ વગેરે હોવાથી વસ્તુનું ફળ પણ જુદુ જુદુ મળે છે. ક્યારેક વિપરિત મળે છે.

જે અનુકંપા પાત્ર જીવો છે. તેની ભક્તિ ન હોય. ઉપરના શ્લોકમાં બતાવ્યા તેવા દીન-દુઃખીયા ગરીબ, લાચાર જીવો તે અનુકંપા પાત્ર છે. તેમને અપાતું દાન અનુકંપા દાન કહેવાય છે. ભગવાને અનુકંપાદાન કરવાનો ક્યાંય નિષેધ કર્યો નથી. તેમાં પાત્ર-અપાત્ર જોવાનું કહ્યું નથી. જે જીવોને જોવાથી જ તમને કરુણા ઉપજે તેને વળી પાત્ર-અપાત્રનો શું વિચાર કરવાનો ? દયા આવી, કરુણા ઊભરાઈ અને દાન આપી દીધું. આવા જીવોને અન્ન-વસ્ત્રનું મુખ્યપણે દાન કહ્યું છે. આવા જીવોની પણ માત્ર એક જ મોટાભાગે ડીમાન્ડ હોય છે. શેઠ કંઈક ખાવા આપો ! બે દિવસનો ભૂખ્યો છું.' તે બિચારાઓ તમારી પાસે સોના-ચાંદીના દાગીના માંગતા નથી કે મોજ-શોખના સાધનો માંગતા નથી. માત્ર પેટ ભરાય તેટલું અન્ન માંગે છે અને શરીર ઢંકાય તેટલું વસ્ત્ર માંગે છે.

જેઓને આવા નિરાધાર દુઃખીયા જીવોને જોઈ હૃદયમાં અનુકંપા જ થતી નથી, કરુણા ઉભરાતી નથી. તેવા લોકોના હૃદય ખરેખર કઠોર છે. શીલા જેવા છે. તેઓ બિચારા સદ્ગતિને લાયક હોતા નથી. સજ્જનો આવા જીવો ઉપર તો વધારે ભાવદયા ચિંતવે છે કે આવા બિચારા લોકોનું શું થશે ?

જે આત્માઓને આવા જીવોને જોઈ દયા ઉત્પન્ન થાય છે, તેમને મદદ કરવા દોડી જાય છે, તેમના માટે શું કરું એવા ભાવો થાય છે, થોડામાંથી થોડું પણ આપવાની ઈચ્છા થાય છે, તેવા લોકો ખરેખર સદ્ગતિના અધિકારી થાય છે.

એક ગરીબની ઝુંપડીમાં માએ બે-ચાર રોટલી બનાવી હતી. પોતાના નાના દીકરાને એક રોટલી ખાવા હાથમાં આપી.

છોકરું રોટલી લઈ બહાર નાઠું. બહાર કૂતરાનું બચ્ચુ કુરકુરિયું બેઠું હતું. તેને આ નાનું ગરીબ બાળક ખવડાવવા લાગ્યું. વાર થવાથી તેની મા બહાર નીકળી જોયું તો તેનું બાળક પોતાની રોટલી કૂતરાને ખવડાવી આનંદથી નાચી રહ્યું હતું. આ સંસ્કાર છે ભારતની ધરતીના!

ખવડાવીને ખાવાના સંસ્કાર તે ભારતીય સંસ્કૃતિ છે. તે લોહીમાં વણાઈ ગયા છે. કોણે શીખવાડ્યું આ બાળકને કે કૂતરાને ખવડાવવાથી પુણ્ય થાય ? માને દીકરાના આ પરાક્રમ ઉપર આનંદ થયો. ઘરમાં લઈ જઈ પાછી એક રોટલી આપી તો બાળક નજર ચૂકાવી પાછું બહાર નાઠું અને બીજી રોટલી પણ કૂતરાને ખવડાવી દીધી. માએ જોયું કે હવે ઘરમાં માત્ર બે જ રોટલી છે. આખો દિવસ કાઢવાનો છે. શું કરવું ? બાળકને પાછું લઈ માએ ઘરની જાળી બંધ કરી. બાકીની બે રોટલી બાળકને ખવડાવી પોતે ભૂખી જ સૂઈ ગઈ ! પોતે ભૂખ્યા રહીને પણ બીજાને ખવડાવવું આ સંસ્કાર પેલી મા કઈ સ્કૂલમાં ભણવા ગઈ હતી ? તમે તેને બિચારી ગરીબ બાઈ કહો છો. કર્મસત્તા આ બાઈને હૃદયની અમીર કહે છે.

કેટલાક બહારથી અમીર છે પરંતુ અંદરથી સાવ ભિખારી છે. તેમની ગતિ ભિખારીમાં જ થવાની ‘જેનું અંતર જાણે કઠોર સંગત એને શું કરે ?’ તેને આપેલો ઉપદેશ પણ પ્રાયઃ વ્યર્થ જાય છે.

આપણી વાત ચાલે છે અનુકંપા પાત્ર જીવોની. અનુકંપા હોય પરંતુ ભક્તિપાત્ર જીવોને અનુકંપાબુદ્ધિથી દાન ન કરાય પરંતુ ભક્તિપૂર્વક દાન કરાય. તેમ ન કરો તો અતિચાર (પાપ) લાગે. કેમ કે તે ભક્તિપાત્ર છે. આવા ભક્તિપાત્ર આત્માઓને સુપાત્ર પણ કહ્યા છે. તેમને અપાતું દાન તે સુપાત્રદાન છે. તેમાં ત્રણ પ્રકારના આત્માઓ કહ્યા છે. (૧) અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જીવો - ટુંકમાં જૈન શ્રાવકો બીજા નંબરે. દેશવિરતિધર એટલે અણુવ્રતધારી-બારવ્રતો જેમણે લીધા હોય તેવા આત્માઓ તે ભક્તિપાત્ર છે અને ત્રીજા નંબરે સહુથી ઉચ્ચપાત્ર-ઉત્તમપાત્ર તે જૈન સાધુઓ છે. જેઓ શ્રેષ્ઠ સુપાત્રદાનને પાત્ર છે તેમને ભક્તિપૂર્વક આપવાનું છે.જો તેઓને અનુકંપાની બુદ્ધિથી આપો તો પાપ લાગે. તમને પ્રશ્ન થશે કે, માત્ર જૈનસાધુ જ સુપાત્ર કેમ? અન્ય સન્યાસીઓ કેમ નહિ ? આની વાત સુપાત્રદાનના વિષયમાં કરશું.

આમ તો કોઈપણ જીવને દુઃખમાંથી ઉગારવાની બુદ્ધિ તે અનુકંપા છે. એટલે શાસ્ત્રમાં ક્યાંક સાધુ માટે પણ અનુકંપા શબ્દ વપરાયેલો છે. જેમકે ‘આચાર્ય ભગવંતની અનુકંપાથી આખા ગચ્છની અનુકંપા છે.’ તો આ ‘અનુકંપા’ના શબ્દનું શું ? તો આનો ખુલાસો દાન બત્રીશીમાં પૂજ્યશ્રીએ કર્યો છે કે, આ અનુકંપા શબ્દ એક દૃષ્ટિએ દોષરૂપ નથી. દોષ રૂપ ક્યારે થાય ?

જેમ કે કોઈ શ્રાવકને ગ્લાન-બિમાર સાધુને જોઈ તેમના દુઃખ દૂર કરવાની (બુદ્ધિથી) ઈચ્છાથી તે દાન કરે તે દાન અનુકંપા નથી. જો તે દાતા પોતાને સાધુ કરતાં ઊંચો ગણે તો તે મિથ્યાત્વ છે. પરંતુ દાતા જો બીમાર સાધુને પોતાના કરતાં ઊંચા માને પોતે પોતાને હીન માને તો તેને અતિચાર લાગતા નથી અને એટલે જ અનુકંપા શબ્દથી દોષ નથી તેમ કહ્યું.

મોટાભાગે (કોઈ મુગ્ધ-અજ્ઞાનીને બાદ કરતાં) જૈનો સાધુ ભગવંતોને પોતાના કરતાં ઊંચા જ માને છે. પૂજ્યમાને છે. નાના સાધુ ભગવંતોનો પણ એટલો જ વિનય, ભક્તિ અને બહુમાન કરે છે. આવા જૈનોને કદાચ દાન કરવાની બુદ્ધિ થાય અને દાન કરે છતાં તેને અનુકંપા શબ્દથી દોષ નથી.

અનુકંપાદાનનું લક્ષણ કહ્યું, **“અલ્પજીવોને અસુખ થાય તેવા પ્રયત્નથી બીજા દુઃખીજીવોના દુઃખોને દૂર કરવાની ઈચ્છા તે ખરેખર અનુકંપા છે.”** જોકે અનુકંપા કરતાં જે અલ્પજીવોને પણ દુઃખ થાય છે તેમાં અનુકંપા કરનારને કંઈ દુઃખી કરવાનો આશય-ઈચ્છા હોતી નથી. છતાં તેવો ઉપાય કરવો પડે છે, ત્યારે તે જીવોને કંઈક દુઃખ તો થાય જ છે, છતાં કરવાની ઈચ્છા ન હોવાથી તે અનુકંપા દાન ધર્મ બને છે.

જેમાં ઘણા જીવોને દુઃખ (હિંસા) થાય પરંતુ અલ્પજીવો ઉપર ઉપકાર થાય. આવો પ્રયત્ન અનુકંપા મનાતી નથી. છતાં શાસ્ત્રમાં દાનશાળાઓ ચલાવવી વગેરે સમકિત બીજનું પુષ્ટ આલંબન હોવાથી તેને પણ અનુકંપા જ માની છે. કહેવાની વાત એ છે કે, દાનધર્મ કેટલો મહાન છે ? અરે જ્ઞાનીઓ પણ પોતાનો આચાર ન હોવા છતાં ભાવિમાં થનાર ભગવાનના શાસનની પ્રભાવના જોઈ અપવાદ માર્ગે દાન કરે છે.

ક્યાંક શાસનનું માલિન્ય થતું હોય તેવા પ્રસંગે પણ અનુકંપા કરવાનો વિધિ શાસ્ત્રમાં કહ્યો છે. સાધુ પણ આવું આલંબન લઈ અનુકંપા કરે છે. દ્રવ્ય અનુકંપાની સાથે ભાવ અનુકંપા પણ ગણી છે.

ક્યારેક પ્રસંગ આવે અને તે વખતે જો તમે અનુકંપા ન કરો. દાન ન કરો તો શિષ્ટ લોકોને પણ એવું લાગે કે, જૈનધર્મ સ્વાર્થી છે. બીજા જીવોની પીડાને જોતો નથી. દુઃખીના દુઃખો દૂર કરવાનો જે નિષેધ કરે તે ધર્મ સારો કેવી રીતે કહી શકાય ? આ ધર્મ કહેવાય કે અધર્મ ? આવા અભિપ્રાયો લોકો આપે તો જગતમાં ધર્મની હીનતા થાય. ધર્મ પ્રત્યે લોકોને દુર્ભાવ થાય તેનાથી કોઈ ધર્મ ન પામે ઉલટું ધર્મ પામેલા પણ કદાચ પોતાના જ ધર્મની નિંદા કરી પાપ બાંધે ! આવું ઘણું સંભવિત છે માટે એવા વખતે ઔચિત્ય જાણી અનુકંપાદાન કરવું જ જોઈએ.

અનુસંધાન પાના નં.૧૦ ઉપર

## એલર્ટ ગ્રુપ ઓફ ઈન્ડિયાના સરસેનાધિપતિ
## સુશ્રાવક પ્રકાશભાઈ નડિયાદની આકસ્મિક ચીર વિદાય

યુવાહૃદયસમ્રાટ્ પૂ.આ.વિ. **હેમરત્નસૂરશ્વરજી** મહારાજાના અદના ગુરુભક્ત વૈયાવચ્ચી **સુશ્રાવક પ્રકાશભાઈ** નડિયાદવાળાનો જીવન દીપક જીવનના મધવચાળે શાશ્વતી આસો માસની ઓળીના દ્વિતીય દિવસે તા.૧૩-૧૦-૨૧ના રોજ અચાનક જ બુઝાઈ ગયો હતો.

શ્રી પ્રકાશભાઈ તથા બે ભાઈઓ સહિત આખા પરિવારે પૂ.ગુરુદેવની નડિયાદમાં સારવાર દરમ્યાન રાત-દિવસ ખડેપગે ઊભા રહી ઉત્કૃષ્ટ સેવા કરી હતી.

પ્રકાશભાઈ છેલ્લા ૧૫ વર્ષથી ઍલર્ટ ગ્રુપની ઍક્ટીવિટીઓ સાથે પ્રભુના શાસનના અનેક કાર્યોમાં પોતાના તન-મન અને ધનથી જોડાયા હતા. વૈયાવચ્ચના કાર્યમાં તેમની શ્રાવિકા સાથે ગાડી લઈ નીકળી જતા. અનેક પૂ.સાધ્વીજી ભગવંતો જેઓ ગામડામાં કે નાના શહેરોમાં સ્થિરવાસ રહેલા હોય ત્યાં પહોંચી જઈ કલાકો સુધી રોકાઈ તેઓને શાતા આપવાનું કાર્ય કરતા. કોઈપણ સમુદાયના સાધુ-સાધ્વીજી માટે તેઓને મા-બાપ બનીને સેવા કરતા જોયા છે. સ્થાવર તીર્થોની યાત્રા કરનાર ઘણા છે. જંગમતીર્થરૂપ આવા સાધુ-સાધ્વીની સેવા ભક્તિ રૂપ યાત્રા કરનાર શ્રી પ્રકાશભાઈ એક ઉત્તમ ઉદાહરણ રૂપ હતા.

ચોમાસુ ચાલુ થાય તે પહેલાં યુવાનોની ટીમો તૈયાર કરી વૈયાવચ્ચ માટે સેંકડો કીટ તૈયાર કરી ભારતભરમાં સાધુ-સાધ્વીજીને જરૂરીયાતની ચીજવસ્તુઓ વહોરાવવાનો અપૂર્વ લાભ વર્ષોથી લેતા હતા.

ઍલર્ટ ગ્રુપનું એક શક્તિશાળી નેતૃત્વ તેમણે નિભાવ્યું હતું. એક સામાન્ય કાર્યકર બની શિબિરો, મેળાવડા કે યુવાનોના પ્રસંગોમાં એકલપંડે દોડી જતા. અનેક યુવાનોના સુખ-દુઃખમાં સાચા કલ્યાણમિત્ર બન્યા હતા.

ટીમો તૈયાર કરી ભારતભરના ઍલર્ટ ગ્રુપોની મુલાકાત, મિટીંગો, તેમને જરૂરી સામગ્રીનું સંપાદન કરી આપી ગ્રુપોને ધબકતા રાખવા ઑક્સીજનનું કાર્ય કરતા. સમુદાયમાં પણ એક આગળ પડતા સુશ્રાવક તરીકે પૂજ્ય આચાર્ય ભગવંતોની અભ્યંતર પર્ષદાના શ્રાવક બન્યા હતા.

વર્ધમાન સેવા કેન્દ્ર-કલિકુંડ-મુંબઈ, પાલિતણા આયંબિલ ખાતામાં મહત્ત્વની જવાબદારી નિભાવી, હોશંગાબાદ (એમ.પી.), બુદ્ધિસાગર સૂરિ ગુરુકુળ, સમાજસેવા કેન્દ્ર-ચાંદખેડા, માનસમંદિરમ્ તીર્થ વિગેરે સંસ્થાઓમાં ટ્રસ્ટીપદે રહી અનેક રચનાત્મક કાર્યો કર્યા.

પૂ.ગુરુદેવની જન્મભૂમિ ભાલક ખાતે ગુરુસ્મારકના નિર્માણમાં સંપૂર્ણ લાભ લઈ તેને તીર્થ સ્વરૂપ બનાવવા અનેક પ્રયત્નો કર્યા. વિદાયના પખવાડિયા પહેલાં જ અમદાવાદથી અનેક યુવાનો માટે ભાલક જઈ જિનભક્તિ તથા ગુરુભક્તિ કરી જે આજે પણ યુવાનો યાદ કરે છે.

સુકૃતો કરવાની તેમની ભાવનાઓ રોજ રોજ વધતી જતી હતી. વિદાય પૂર્વે જ શ્રી કુમારપાળભાઈને માનસમંદિરમ્ તીર્થેમાં તૈયાર થનાર પૂ.પરમગુરુદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના ગુરુમંદિરનો સંપૂર્ણ લાભ પોતાને આપવા વિનંતી કરી. કુમારપાળભાઈ હા પાડતાં ખુશીથી નાચી ઉઠ્યા હતા. તે જ રીતે નડિયાદમાં પણ વિશાળ ઉપાશ્રય નિર્માણનો સંપૂર્ણ લાભ લીધો હતો.

શંખેશ્વર દાદાનો ભંડાર ગણવાનો લાભ ઘણા વખતથી ઍલર્ટ ગ્રુપના યુવાનોને મળે છે. છેલ્લા ૨૦ વર્ષથી તેની સંપૂર્ણ વ્યવસ્થા શ્રી કલ્પેશભાઈની સાથે રહી સંભાળતા હતા.

તેમની ડાયરીમાં જિનાલયોના જિર્ણોદ્ધાર, સુરક્ષા, તીર્થસેવા, સાધુ-સાધ્વીના વિહારોની વ્યવસ્થા, બિમારને દવાઓ પહોંચાડવાની વ્યવસ્થા, ગ્રુપોની મુલાકાતોના સમયનું કેલેન્ડર વિગેરે ટપકાવી રાખી ક્રમશઃ તમામ કાર્યો જવાબદારી તથા કાળજી પૂર્વક પૂરા કરતા.

છેલ્લા કેટલાક મહિનાથી જ્યાં કોઈ ભણાવનાર ન હોય તેવા ગામડાઓનું સર્વે કરી નાના બાળકો માટે ઓનલાઈન પાઠશાળાઓ શરૂ કરાવી હતી. યુવાનો દ્વારા તેની મુલાકાત, પ્રભાવના પહોંચાડવી, પોઈંટ કાર્ડ બનાવી જમા ઉધાર કરી બાળકોને પ્રોત્સાહન આપવાનું સુંદર કાર્ય શરૂ કર્યું હતું.

એમની સુઝ બુઝ દાદ માંગી લે તેવી હતી. પૂ.સાધુ-સાધ્વીજી મ.ના પ્રશ્નો, અનેક શ્રાવક-શ્રાવિકાના પ્રશ્નો તેઓ ગુપ્તપણે સૂઝબુઝથી સુલટાવી આપતા, કુદરતી આફતોમાં રાહત કાર્યોમાં દોડી જતા કે કોઈપણ સંસ્થાના કાર્યોમાં સહભાગી થતા. નામની ક્યારેય ઈચ્છા કરી ન હતી.

શ્રી કુમારપાળભાઈ, કલ્પેશભાઈ વી. શાહના મોટાભાગે પ્રવાસોની વ્યવસ્થા પ્રકાશભાઈ સંભાળતા. અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ધરતીકંપ હોય કે દીક્ષા, પ્રતિષ્ઠા, અંજનશલાકા જેવા મહોત્સવો હોય, શિબિરો હોય કે ગ્રામ પ્રવાસો હોય તેઓ સદા અગ્રેસર રહ્યા હતા.

ગ્રુપોની એક્તા વધારવા, યુવાનોને સંગઠીત કરવા તેઓએ પોતાનું તન-મન અને ધન અર્પણ કર્યું હતું. નવી પેઢીની ચિંતા કરનાર મહાત્માઓની જાણે પોતે જવાબદારી લઈ પોતાનું જીવન તે માટે સમર્પિત કર્યું હતું. અનેક જગ્યાએ યુવાનોના સેમિનારો કર્યા, ૧૦૦ થી વધુ તરવરીયા યુવાનોની ટીમ તૈયાર કરી એક અનોખી જાગૃતિ લાવવાનું કાર્ય કર્યું. અનેક યુવાનો પોતાના ઘડવૈયા તરીકે પ્રકાશભાઈને યાદ કરી રહ્યા છે.

જાહેર ક્ષેત્રમાં હોવા છતાં ખૂબ જ સાદગી, નમ્રતા, વિવેક, સરળતા વિગેરે ગુણો ઉડીને આંખે વળગે એવા હતા. તેમના શ્રાવિકા પણ તેટલી જ સાદગીથી જીવ્યા. કોઈ મોજશોખ નહિ, તેના સાધનો નહીં, હરવા-ફરવાનું કે સિનેમા-ટી.વી. નહિ. જીવનમાં કોઈ દંભ નહિ. ૧૪ નિયમોના કાર્ડ બનાવી અનેક યુવાનોને ધર્મમાં જોડ્યા. પોતે વ્રતોનું પાલન કરે તેમના સંપર્કમાં આવનારને વ્રત-તપમાં જોડે. તેમની આસપાસ કલ્યાણમિત્રોના જ વૃંદો જોવા મળે.

શ્રી કુમારપાળભાઈ માટે પ્રકાશભાઈ પડ્યો બોલ ઝીલનાર એક મુખ્ય સહાયકની ખોટ પડી. કુમારપાળભાઈની પ્રસન્નતા માટે તેમની ઈચ્છાઓ માટે ખૂબ કાળજી કરતા. કુમારપાળભાઈ કહે તેમ કરવાનું એમ નહિ તેમની ઈચ્છા હોય તેમ કરવાનું બાકી બધુ છોડી દેવાનું. આવું સમર્પણ તેમનો ગુણ હતો.

તે જ રીતે છેલ્લા ૨૦ વર્ષથી શ્રી કલ્પેશભાઈની સાથે દરેક કાર્યોમાં સાથે રહેનાર જોડી હતી. તેમનો પડછાયો બની રહેતા. કલ્પેશભાઈના અનેક સુકૃતોના તેઓ સાક્ષી હતા. તેમની સાથે પ્રકાશભાઈએ અનેક પ્રવાસો કર્યા. રાત-દિવસ જોયા વિના પ્રભુના શાસનની સેવામાં થાક અનુભવ્યો નથી. તેમના મગજના અબજો શેલ શાસનની સેવામાં રત હતા. અનેક પ્લાનો મગજમાં ચાલતા અને કાર્યોની વિચારણાઓ ચાલતી અને અનેક રચનાત્મક કાર્યો આ ત્રિપુટી કરતી.

ખરેખર ઍલર્ટનો એક સિતારો શાસનના આકાશમાંથી ખરી પડ્યો. ભાઈ પ્રકાશભાઈ ડગલેને પગલે તમારી યાદ આવશે. તમે ક્યાં ન હતા તે સવાલ છે. હવે તમે ક્યાં છો ? જ્યાં હોય ત્યાં પ્રભુના શાસનની સેવા કરવા પ્રભુ આપને શક્તિ અને બળ આપે.

ટૂંકી જિંદગીમાં પણ ઘણાં સુકૃતો તમે કરતાં ગયા....

અનુસંધાન પાના નં.૮ ઉપરથી

જૈનધર્મ બીજા જીવોને પણ ધર્મપ્રાપ્તિનું સાધન બને, નિમિત્ત બને ક્યારે ? અનુકંપા કરવાથી બધે જ જૈનધર્મની વાહવાહ થાય. લોકો માને કે ખરેખર આ ધર્મ ખૂબ સારો છે. ગરીબો પ્રત્યે દયાવાળો છે. દુ:ખી જીવો પ્રત્યે કરુણાવાળો છે. લોકોનો આવો અભિપ્રાય તેમને ધર્મ પ્રાપ્તિનું કારણ બને છે. જૈન ધર્મ સારો લાગે, જૈનો સારા લાગે આનાથી જ જૈનધર્મની પ્રભાવના થાય છે. માટે દરેક જૈને અનુકંપાદાન માટે પ્રયત્ન કરવો જરૂરી છે.

દાન કોને સારું લાગતું નથી ? પૂજ્ય ગુરુદેવે ઍલર્ટ ગ્રુપોની સ્થાપના કરી. જિનભક્તિ, જીવદયા અને અનુકંપા આ ત્રણ કાર્યો યુવાનોને મુખ્યતયા આપ્યા છે. આજે પણ યુવાનો પોતાપોતાના કેન્દ્રમાં આવા શાસન પ્રભાવક કાર્યોના આયોજનો નિરંતર કરે છે. પ્રેરણાપત્રના માધ્યમથી અંદરના બન્ને ટાઈટલ પેજ પર અનુકંપા આદિના સમાચારો છપાય છે. આ લખાય છે ત્યારે મહારાષ્ટ્રના દુષ્કાળમાં મદદરૂપ થવા મુંબઈ-મહારાષ્ટ્રના ગ્રુપો ગરીબ પરિવારોને ૫૦૦૦થી વધારે અનાજ વગેરેની કીટો બનાવી અનેક ગામોમાં વહેંચણી કરવા પહોંચી ગયા છે. (મે-૨૦૧૯) એક કીટ એક પરિવારને એક મહિનો ચાલે એટલો સામાન પેક કર્યો હતો. અનેક ગામોમાં ટેંકરો દ્વારા પાણી પહોંચાડવાના આયોજનો થઈ રહ્યા હતા.

કોરોના કાળમાં અનેક સંસ્થાઓએ રસ્તે રઝળતા ગરીબો માટે ખીચડી ઘરો ખોલ્યા હતા. અરે ! જે લોકો લોકડાઉનના કારણે ફસાઈ ગયા હતા તેમના માટે મહિનાઓ સુધી જમવાની વ્યવસ્થા અનેક સંસ્થાઓ તેમજ જૈનોની સંસ્થાઓ તરફથી કરવામાં આવી હતી. કોરોના કાળમાં ખરેખર ભારતમાં દાન ધર્મની કેવી કિંમત છે તે જોવા મળ્યું હતું. જેમાં સરકારથી લઈ સેલીબ્રીટી, મોટા વેપારીઓ તથા સંસ્થાઓ તરફથી અબજો રૂપિયાના દાન લોકોના નિભાવ માટે ભેગા થયા હતા.

અતિવૃષ્ટિ, દુષ્કાળ, ભૂકંપ આદિ પ્રસંગોએ વર્ધમાન સેવા કેન્દ્ર ઍલર્ટ યુવાનોની ટીમો મદદરૂપ થવા નીકળી પડે છે. પાંજરાપોળો, દુષ્કાળમાં કેટલ કેમ્પોમાં યુવાનો કરોડો રૂપિયાના ફંડો કલેકશન કરી પ્રભુશાસનના કાર્યો કરી રહ્યા છે. એટલે અનુકંપાદાન તે શાસન પ્રભાવનાનું ખાસ અંગ છે.

ચાર કારણે ઉચિત અનુકંપા કહી છે. (૧) શાસનનો ઉડ્ડાહ થવાની સંભાવના હોય ત્યાં (૨) પોતાની સ્વાર્થવૃત્તિને નિવારવા (૩) હૈયામાં દયાનો ભાવ સતત જીવંત રાખવા રોજ અનુકંપા દાન કરો. (૪) પૂજા વગેરે પ્રસંગે બીજા જીવોને બીજાધાન થાય - ધર્મની પ્રાપ્તિ થાય માટે દાનશાળાઓ બંધાવવી વગેરે માટે

# એલર્ટ ગ્રુપ દ્વારા જીવદયા તથા અનુકંપાદાનની પ્રવૃત્તિ




આમોદ ગ્રુપ દ્વારા શ્રમજીવી વિસ્તારમાં જઈ દરેક માટે ફાફડા-જલેબીનું વિતરણ



કલ્યાણ ગ્રુપ દ્વારા સાધર્મિકોને અનાજની કીટનું વિતરણ



ધાંગધ્રા ગ્રુપ દ્વારા ભોજનાલયમાં જમતા શ્રમિક લોકોને ફરસાણ-મિષ્ટાનનું ભોજન




નાસિક ગ્રુપ દ્વારા ગરીબ બાળકોને ચણા-પુરી-ગુલાબજાંબુનું વિતરણ





ભરૂચ ગ્રુપ દ્વારા ભરૂચ પાંજરાપોળમાં જઈ પશુઓને શાકભાજી તથા ઘવનું ભુસું ખવડાવ્યું. અંદાજિત ૬૨૫ કિ.ગ્રા. ભુસું ખવડાવ્યું.




વિરાર ગ્રુપ દ્વારા પાંજરાપોળમાં જઈ પશુઓને કેળા તથા શાકભાજીનું ભોજન કરાવ્યું.



ભરૂચ ગ્રુપ દ્વારા સંક્ષિપ્ત સિદ્ધચક્ર આરાધનાનું આયોજન

**સૌજન્ય :**

RNI NO. : GUJGUJ/2006/16904 (Delhi) Publish & Posted 16th of every month at Ahd.PSO
Reg.No. : GAMC 988/2021-2023 Issued by SSP Valid up to 31-12-2023
Licence to Post with Prepayment LPWP Licence No. : PMG/NG/058/2021-2023 Valid up to 31-12-2023

# श्री शत्रुंजय तीर्थधाम
# भुवनभानु मानसमंदिरम् तीर्थ

Contact No. : 8551904888, 8551905888, 9823271991



**માલિક : શ્રી અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ**
૧૭, પ્રાર્થનાપીઠ, ઈલોરાપાર્ક, જૈન દેરાસર પાસે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
ફોન : **079-27681317**

**તંત્રી-મુદ્રક-પ્રકાશક : કલ્પેશભાઈ વી. શાહ, અમદાવાદ**
**મુદ્રક : સર્વોદય ઓફસેટ, અમદાવાદ.**

To,

SAMYAK - 98245 15514